# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મૃદુલાબેન સારાભાઈનું પ્રદાન

**ડૉ. દક્ષા પી. પટેલ,**
**શ્રી પી. એચ. જી. મ્યુ. આર્ટસ કોલેજ, કલોલ**

બ્રિટિશ રાજ્ય અમલનો અંત લાવી, સ્વાધીનતા મેળવવા દેશે, ઈ.સ. ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી કરેલ લાંબા સંઘર્ષ દરમિયાન ગાંધીજીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ૧૯૧૭ થી ૧૯૪૭ વચ્ચેના સમયમાં સત્ય અને અહિંસાના સિદ્ધાંતોના આધાર પર કરવામાં આવેલા સત્યાગ્રહો-ચળવળનો ઈતિહાસ બેશક અતિ રસિક અને રોમાંચક છે. ગાંધીજીના નેતૃત્વ હેઠળની ચળવળોમાં સ્ત્રીઓએ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

ગાંધીજીના નેતૃત્વ હેઠળની ચળવળો માત્ર રાજકીય ન હતી પણ તેમાં આર્થિક કાર્યક્રમ અને સમાજમાં વ્યાપ્ત દૂષણોની નાબૂદી અને સમાજસેવાના કાર્યક્રમો પણ સામેલ હતા. આ બધામાં ગુજરાતની સ્ત્રીઓનું પ્રદાન નોંધપાત્ર રીતે પ્રશસ્ય રહ્યું છે.[૧] ગાંધીજીએ સ્વરાજ્ય પ્રાપ્તિ ચળવળ અર્થે અનેકવિધ પ્રવૃત્તિના માર્ગ ચીંધ્યા હતા. આના પરિણામે તેમણે આપેલા વિવિધ કાર્યક્રમો માટે સ્ત્રીશક્તિ આગળ આવી, જેમાં મૃદુલાબેન સારાભાઈની પ્રવૃત્તિ પણ આના પુરાવારૂપ છે.

મૃદુલાબેન અમદાવાદના એક પ્રતિષ્ઠિત આગેવાન મીલમાલિક શ્રી અંબાલાલ સારાભાઈનાં સુપુત્રી હતાં. એમનો જન્મ ૧૯૧૧ માં ૬ઠ્ઠી એપ્રિલે થયો હતો. મૃદુલાબેનમાં બાળપણથી તીવ્ર બ્રિટિશ વિરોધી લાગણીઓ હતી. તે વખતે બ્રિટિશ વિરોધી જે આંદોલનો થતાં તે તરફ તેમનું આકર્ષણ રહેતું હતું. તેમનાં માતાપિતા ગાંધીજીના નિકટ સંપર્કમાં આવ્યાં હતાં. ગાંધીજી તેમના ઘેર આવતા હતા. તેમનાં ફોઈ અનસૂયાબેન ઈ.સ. ૧૯૧૮ થી ગાંધીજી સાથે મજૂર-પ્રવૃત્તિનું કામ કરતાં હતાં. એટલે તેમના દ્વારા પણ ગાંધીજી સાથેનો મૃદુલાબેનનો સંપર્ક વધ્યો હતો.

તેમનાં બીજાં ફોઈ ઈન્દુમતી ચીમનલાલ ગૂજરાત વિદ્યાપીઠમાં ભણતાં હતાં. એટલે વખતોવખત મૃદુલાબેન ત્યાં જતાં હતાં અને ગાંધીજીના વર્ગોમાં બેસવાનો તેમજ સાંભળવાનો લાભ તેમને મળેલો હતો. ગાંધીજીના નવજીવન પ્રકાશમાં લખેલ લેખો વાંચીને મૃદુલાબેનમાં બ્રિટિશ વિરોધી લાગણીઓ સંતોષાઈ હતી. આમ અંબાલાલ સારાભાઈનં ઘર ગાંધીજીનું મહેમાનગૃહ બન્યું હતું. તેમને ત્યાં દેશના આગેવાનો આવતા હતા, રાજકીય ચર્ચાઓ થતી હતી. મૃદુલાબહેન અમદાવાદના યુવકસંઘમાં આગળ પડતો ભાગ લેતાં હતાં. આ બધું બ્રિટિશ વિરોધી મૂળવૃત્તિને પોષક બન્યું હતું.[૨]

ઈ.સ. ૧૯૩૦-૩૧ દરમિયાન સવિનય કાનૂનભંગ આંદોલન શરૂ થયું હતું. તે પહેલાં ગાંધીજીએ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓનો સક્રિય સહકાર મળી રહે તે હેતુથી 'નવજીવન'માં લેખો પ્રકાશિત કરી તેઓને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યાં હતાં. ગાંધીજીના માર્ગદર્શન અને પ્રોત્સાહનના કારણે ગુજરાતની સ્ત્રીઓમાં રાષ્ટ્રીય જાગૃતિ પ્રબળ બની હતી.[3] ઈ.સ. ૧૯૩૦-૩૪ના રાષ્ટ્રીય આંદોલનમાં ગુજરાતની સ્ત્રીઓએ ખૂબ જ સક્રિય રીતે ભાગ લીધો હતો.

મીઠાના કરને નિમિત્ત બનાવી સ્વતંત્ર થવા અને જનશક્તિ જાગૃત કરવાના હેતુથી ગાંધીજીએ દાંડી મુકામે મીઠાના કાયદાનો ભંગ કરવા સારુ દાંડીકૂચનો પ્રારંભ કરતી વખતે બહેનોને કહ્યું હતું, "તમારા માટે મેં સુંદર કામ શોધી રાખ્યું છે. બહેનોએ જેલમાં જવાનું નથી, પરંતુ વિદેશી કાપડનો બહિષ્કાર અને મદ્યપાન નિષેધનું કામ કરવાનું છે. અને જરૂર પડે તો તે માટે ચોકી (પિકેટિંગ) પણ કરવાની છે."[૪]

ગાંધીજીએ ૬ એપ્રિલે ૧૯૩૦ના રોજ દાંડી મુકામે મીઠાના કાયદાનો ભંગ કર્યો અને પછી દાંડી મુકામે જ ૧૩ એપ્રિલના રોજ ગુજરાતની સ્ત્રીઓની એક પરિષદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિષદે બહેનોને દારૂતાડીનાં પીઠાંઓ અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવાનું કાર્ય સોંપ્યું હતું. " ગાંધીજીએ મહિલા પરિષદમાં જણાવ્યું હતું, અમુક કાર્યો બહેનો માટે જ હોય. દારૂ નિષેધ અને પરદેશી બહિષ્કાર એવાં કામો છે કે જે તમે ન કરો તો નથી જ થવાનાં."

આ પરિષદમાં બેહનો પાસે ત્રણ કામ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

(૧) દારૂનિષેધનું – દારૂનાં પીઠાં પર ચોકી કરવાનું.

(૨) વિદેશી કાપડની દુકાન પર ચોકી કરવાનું (પિકેટિંગ)

(૩) ખાદી ઉત્પન્ન કરવાનું – કાંતવાનું અને કંતાવવાનું.

દાંડી મુકામે મળેલ સ્ત્રી પરિષદ પછી નવસારી પાસે વિજલપુરમાં ખાસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૬ એપ્રિલના રોજ મળેલ આ પરિષદમાં ચાર થી પાંચ હજાર બહેનોએ હાજરી આપી હતી.

વિજલપુરમાં મળેલ બીજી સ્ત્રી પરિષદમાં ગાંધીજીએ સ્ત્રીઓને જે કામ સોંપ્યું હતું એના અનુસંધાનમાં પરિષદ પછી તરત જ અમદાવાદમાં 'વિદેશી કાપડ બહિષ્કાર સમિતિ' ની સ્થાપના કરવામાં આવી હતી. આ સમિતિના મંત્રીઓ તરીકે મૃદુલાબેન અને ઈન્દુમતી શેઠ હતાં. આ ઉપરાંત અમદાવાદ વિદેશી કાપડ બહિષ્કાર અને દારૂનાં પીઠાં પર ચોકી કરવા માટે એક પિકેટિંગ મંડળની પણ સ્થાપના કરવામાં આવી હતી. ૧૬, જુલાઈ ૧૯૩૦ થી વિદેશી કાપડ બહિષ્કારની સ્વયંસેવિકાઓએ વિદેશી કાપડની પિકેટિંગ શરૂ કરી હતી.[૫]

ઈ.સ. ૧૯૩૩ માં બહેનોમાં આવેલ ઉત્સાહ ઓસરી ન જાય એ જોવા માટે ગાંધીજીએ મૃદુલાબેનને આગ્રહ કર્યો હતો. અને આવી કોઈ સામાજિક સેવાની સંસ્થા ઊભી કરવાની જવાબદારી મૃદુલાબહેનને સોંપી હતી. ૨૩ વર્ષની યુવાન વયે મૃદુલાબહેને એ જવાબદારી પાર પાડી હતી. ૨૪ એપ્રિલે ૧૯૩૪ના રોજ 'જ્યોતિસંઘ'ની સ્થાપના કરવામાં આવી હતી.[૬] તેનો ખ્યાલ સરદાર પટેલના સંદેશા પરથી આવે છે. તેમણે કહ્યું હતું કે સમકાલીન રાષ્ટ્રીય ચળવળ અંગેની પ્રવૃત્તિઓને પોષક આ સંસ્થા બની રહેશે એવી અપેક્ષા આ સંસ્થા પાસે રાખવામાં આવે છે.[૭]

મૃદુલાબેને સ્ત્રીઓને આશ્રય આપી એમનાં વ્યક્તિત્વ અને શક્તિને ખીલવવામાં મદદરૂપ થવાના આશયથી અમદાવાદમાં 'વિકાસગૃહ'ની ૧૯૩૭માં સ્થાપના કરી હતી.[૮]

ઈ.સ. ૧૯૩૬માં ગુજરાત પ્રાંતિક સમિતિની એક સભા સરદાર વલ્લભભાઈના પ્રમુખપણા નીચે કોંગ્રેસ હાઉસમાં મળી હતી. સ્ત્રી-જાગૃતિને વેગ આપવાની યોજના વિચારવા અને તેના અમલની વ્યવસ્થા કરવા નિમાયેલી સમિતિમાં મૃદુલાબહેન હતાં. ગુજરાત સ્ત્રી-સંગઠન યોજના સમિતિના કન્વીનર તરીકે મૃદુલાબહેન હતાં.

ઈ.સ. ૧૯૩૮ની હરિપુરા કોંગ્રેસમાં મૃદુલાબહેન સ્વયંસેવિકાઓના સેનાપતિ હતાં.

ઈ.સ.૧૯૩૮માં મૃદુલાબહેન મદ્યનિષેધ પ્રવૃત્તિમાં જ રચ્યાં પચ્યાં હતાં. અમદાવાદના દારૂડિયા બારેજા, નાંદેજ, કનીજ વગેરે ગામોમાં દારૂઓનાં પીઠાંઓમાં જઈ દારૂ પીધા પછી ધાંધલ મચાવતા હતા, એવી ફરિયાદ દારૂનિષેધ ખાતામાં આવેલ હોવાથી મૃદુલાબહેન ઉપર્યુક્ત ગામમાં ગયાં હતાં અને દારૂનાં પીઠાંઓની તપાસ કરીને ગામલોકોના આગેવાનોનાં લેખિત નિવેદન પણ લીધાં હતાં. [૯]

પિકેટિંગ સમયે મૃદુલાબહેને અદભુત નીડરતા અને હિંમત દાખવ્યાં હતાં.[10] અમદાવાદમાં દારૂનો જથ્થો લઈને જતી કલાલની ઘોડાગાડીને મૃદુલાબહેને લગામ પકડી અટકાવી હતી.[૧૧]

ઈ.સ.૧૯૩૦ના સમયમાં ધરાસણા સત્યાગ્રહ પછી, અમદાવાદમાં કાપડ પિકેટિંગની કામગીરી ચાલુ હતી. કાપડ પિકેટિંગ ખાતાની ઓફિસ ઝવેરીવાડમાં હતી. આખા ખાતાનું સંચાલન મૃદુલાબહેન કરતાં હતાં. તેમની કામગીરી કરવાની તથા કામ લેવાની આવડત-ધગશ-બહાદુરી જોઈ જનસમાજ તેમનાં વખાણ કરતો હતો. વળી મૃદુલાબહેનને માટે "પઠાણ" નું સંબોધન વાપરી ગૌરવવંતી પ્રશંસા કરતો હતો.[૧૨] આ કામગીરી દરમ્યાન મૃદુલાબહેનને એકાદ પખવાડિયું સેંટ્રલ જેલમાં રહેવું પડેલું અને સો રૂપિયાનો દંડ ભરવો પડેલો હતો.[૧૩]

વિદેશી કાપડ બહિષ્કાર સમિતિના મંત્રીઓ તરીકે મૃદુલાબહેન અને ઈન્દુમતી ચીમનલાલ શેઠ હતાં. એમના તરફથી સરઘસ-યોજના માટેનું માર્ગદર્શન પણ અપાતું હતું.[૧૪] ચંપાબહેન મહેતાના એલિસબ્રિજમાં આવેલ નિવાસસ્થાનેથી ૧૯૩૨ની ચળવળનું સંચાલન થતું હતું.[૧૫] ઈ.સ.૧૯૩૨ ના જાન્યુઆરીમાં મૃદુલાબહેનની ધરપકડ થયેલી તેમને છ માસની કેદ અને રૂ ૩૦૦ દંડ કરવામાં આવ્યોહતો.[૧૬]

ધરપકડ-જેલ-દંડ એનાથી પણ આગળ ઈ.સ.૧૯૩૩ના પ્રારંભમાં મૃદુલાબહેન સામે મનાઈ હુકમ બજાવાયેલો અને જણાવવામાં આવ્યું હતું કે સવિનય કાનૂનભંગની લડતમાં સીધી યા આડકતરી રીતે કોઈ પણ પ્રકારે ભાગ લેવો નહીં.[૧૭]

ઈ.સ.૧૯૩૮માં રાજકોટ સત્યાગ્રહમાં મૃદુલાબહેને ઝંપલાવ્યું હતું. તેમને સરકારી દમનથી ન ગભરાવાની લોકોને અપીલ કરી હતી.

ઈ.સ.૧૯૪૨ માં ૧૩ સપ્ટેમ્બરના રોજ સ્ત્રી-દિન નિમિત્તે નીકળેલા સરઘસમાંથી મૃદુલાબહેનની ધરપકડ કરવામાં આવી હતી. પાછળથી કેસ ચાલતાં ત્રણ માસની વધુ સજા ફરમાવી હતી. ઈ.સ. ૧૯૪૩ના મે માસમાં મળતા સમાચાર મુજબ મૃદુલાબહેનની ૨૧ એપ્રિલે યરવડા જેલમાંથી મુંબઈની જેલ ખાતે બદલી કરવામાં આવી હતી. એ જ વર્ષના ડિસેમ્બરમાં સમાચાર સાંપડે છે કે મૃદુલાબહેનને અપેન્ડિસાઈટિસનું ઓપરેશન કરવા માટે આર્થર રોડ જેલમાંથી સર જે. જે. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.[૧૮]

આમ મૃદુલાબહેનને બાલ્યાવસ્થાથી દેશને આઝાદી પ્રાપ્ત થઈ ત્યાં સુધી આઝાદીની લડતના અસરકારક સૈનિક બનવાનો પ્રયત્ન કર્યો હતો. એને અંગે વખતોવખત જે પ્રવૃત્તિઓ આવી હતી, તેમાં મૃદુલાબહેને નિષ્ણાત, બનવાની ઈચ્છા રાખી હતી. ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૪૭ સુધી સતત પૂરા સમયના કાર્યકર્તા તરીકે તેમણે કામગીરી બજાવી હતી. પાંચ વખત તેઓ જેલમાં ગયેલાં, તૂટક તૂટક જેલમાં પસાર કરેલો સમય આશરે પાંચ વર્ષનો હતો.[૧૯] ગાંધીજીએ રાષ્ટ્રીય ચળવળ અંગે ચીંધેલ વિવિધ પ્રવૃત્તિઓમાં મૃદુલાબહેને સક્રિય અને અગ્રિમ ભાગ લીધો હતો.

## પાદટીપ

૧ મોદી, ધર્મિષ્ઠાબેન, સવિનય કાનૂનભંગની ચળવળમાં દક્ષિણ અને મધ્ય

ગુજરાતની સ્ત્રીઓનું પ્રદાન, અમદાવાદ, ૨00૧, પૃ. ૫ થી ૬

૨ ભટ્ટ, ઉષા જી. અમદાવાદ શહેરની સ્ત્રી-નેતૃત્વશક્તિ, અમદાવાદ, ૧૯૮૨, પૃ.૧૫૩

૩ નવજીવન, જુલાઈ તા.૧૮, ૧૯૨0, પૃ. ૧0૬-૧0૮

૪ પરીખ વનમાળા, નચ્ચર સુશીલા, અમારાં બા, પૃ. ૯૨

૫ મોદી, ધર્મિષ્ઠાબેન, ઉપર્યુકત, પૃ. ૧૯ થી ૨૧

૬ મ્હેડ સુસ્મિતા, વૈતાલિક, પૃ. ૬૯. જ્યોતિ વિકાસ યાત્રા, પૃ. ૪૪

૭ મોદી, ધર્મિષ્ઠાબેન, ઉપર્યુક્ત, પૃ. ૬૩

૮ ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, અમદાવાદ જિલ્લો (અંગ્રેજીમાં) પૃ. ૮૮૩

૯ ભટ્ટ ઉષા જી. ઉપર્યુક્ત. પૃ. ૧૫૬ થી ૧૬૫

૧0 એજન, પૃ. ૧૭૧.

૧૧ મોદી ધર્મિષ્ઠાબેન, ઉપર્યુક્ત, પૃ. ૭૬

૧૨ સ્વ. મણિધરપ્રસાદ શંકરલાલ વ્યાસ, મહાત્માની છાયામાં-એક સત્યાગ્રહીની નોંધપોથીઃ સંપાદકઃ ઈલાભટ્ટ,અમદાવાદ, ૧૯૬૯, પૃ. ૪૮.

૧૩ પ્રજાબંધુ, તા.૧૩-૫-૧૯૩0, પૃ. ૧૯

૧૪ એજન, તા.૧૧-૬-૧૯-૫-૧૯૩0, પૃ. ૨૪-૧

૧૫ જ્યોતિવિકાસ યાત્રા, પૃ. ૭૭

૧૬ ભટ્ટ, ઉષા જી. ઉપર્યુક્ત, પૃ. ૧૬૧

૧૭ એજન, પૃ. ૧૬૧

૧૮ પ્રજાબંધુ, તા.૫-૧૨-૧૯૪૩, પૃ. ૧0

૧૯ ભટ્ટ, ઉષા જી. ઉપર્યુક્ત, પૃ. ૧૬૮